Amul The Taste of India

# દૂધસાગર પત્રિકા

Dudhsagar The Pride of India

અંક-૬,૭,૮ જૂન,જુલાઈ,ઓગસ્ટ -૨૦૧૬

# આજે દૂધ પ્રાપ્તિમાં દૈનિક દોઢ લાખ લિટર જેટલો વધારો થયો છે : આશાબેન ઠાકોર





## છેલ્લા સાત માસની દૂધ સંપાદનની વિગતો

| માસ | કુલ દૂધ સંપાદન કિલોમાં | દૂધ સંપાદન માં વધારો કિલોમાં | દૈનિક દૂધ સંપાદન માં વધારો(સરે.) કિલોમાં |
|---|---|---|---|
| જાન્યુ.૧૬ | ૬૫૭૫૬૬૪૧ | ૪૦૨૦૬૯૮ | ૧૨૯૬૯૯ |
| ફેબ્રુ.૧૬ | ૬૦૧૮૪૧૯૯ | ૫૧૯૪૦૭૦ | ૧૭૯૧૦૫ |
| માર્ચ.૧૬ | ૬૦૨૨૦૭૮૧ | ૩૧૩૬૩૪૭ | ૧૦૧૧૭૨ |
| એપ્રિલ.૧૬ | ૫૩૩૮૩૩૪૧ | ૩૭૭૮૧૪૧ | ૧૨૫૯૩૮ |
| મે.૧૬ | ૫૦૬૧૩૧૮૫ | ૩૭૦૨૧૨૧ | ૧૧૯૪૨૩ |
| જૂન.૧૬ | ૪૫૫૩૩૦૯૦ | ૩૨૧૩૯૬૮ | ૧૦૭૧૩૨ |
| જૂલાઈ.૧૬ | ૪૭૦૭૩૬૭૭ | ૬૬૭૪૪૯૪ | ૨૧૫૩૦૬ |

દૂધસાગર ડેરીની વાર્ષિક સાધારણ સભા તા: ૨૬/૬/૨૦૧૬ ના રોજ માનસિંહભાઈ પૃ.પટેલ હોલમાં યોજાઈ હતી.આ સભાને સંબોધતાં સભાના અધ્યક્ષ અને દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોરે જણાવ્યું હતું કે વર્ષ ૧૯૬૦માં દેશની સરહદોની સુરક્ષા કરતા જવાનો ના પાવડર માટે સ્થપાયેલી દૂધસાગર ડેરી, ગુજરાતના પાટનગર અમદાવાદને દૂધ પૂરું પાડતી હતી જે આજે દેશના પાટનગર દિલ્હીને દૂધ પૂરું પાડી રહી છે. દૂધસાગર ડેરીના સ્થાપક સ્વ.માનસિંહભાઈ પટેલ અને સંવર્ધક સ્વ. મોતીભાઈ ર. ચૌધરીની દૂરંદેશીતાના વટવૃક્ષનો છાંયો આપણે મેળવી રહયા છીએ. આજના સંજોગોને આધિન સહકારીતાના ધોરણે વૈજ્ઞાનિક રીતે દૂધનો વ્યવસાય થાય એ અત્યંત મહત્વનું છે.

**દૂધ ઉત્પાદકોએ અમારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકયો છે તેમને વિશ્વાસ છે કે દૂધસાગર ડેરીનું સુકાન યોગ્ય વ્યકિતઓના હાથમાં છે અને ડેરી વિકાસના પંથે છે.**

તબેલાઓનું વિસ્તરણ થવું જોઈએ, વધુ દૂધ આપતા પશુઓ વધુ પ્રમાણમાં રાખવા જોઈએ અને દૂધસાગર ડેરી દ્વારા બનાવવામાં આવતા વિવિધ પ્રકારના પશુઆહારનો ઉપયોગ કરવો જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દૂધસાગર ડેરીમાં મુકવામાં આવેલ કસ્ટોડિયન સમિતિના સમયગાળા કરતા આજે દૂધ પ્રાપ્તિમાં લગભગ દૈનિક દોઢ લાખ લિટર જેટલો વધારો થયો છે. જે બતાવે છે કે દૂધ ઉત્પાદકોએ અમારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકયો છે અને તેમને વિશ્વાસ છે કે દૂધસાગર ડેરીનું સુકાન યોગ્ય વ્યક્તિઓના હાથમાં છે અને ડેરી વિકાસના પંથે છે. દૂધસાગર ડેરી એ સૌથી છેવાડાના દૂધ ઉત્પાદકોને ધ્યાનમાં રાખીને તેનો વહીવટ કરે છે અને દૂધ ઉત્પાદકોને દૂધના યોગ્ય પોષણક્ષમ ભાવ મળે તે માટે કામ કરે છે અને કાયમ કરતી રહેશે.

દિલ્હી નજીક ની દૂધમાનસાગર ડેરી, દૂધમોતીસાગર ડેરી, અત્યાધુનિક સાગણદાણનું કારખાનું, માનસિંહભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી કોલેજ, ડૉ.વર્ગીસ કૂરિયન એકેડેમિક સેન્ટર, કંકુબા પશુપાલન વિદ્યાપીઠ, સામાન્ય તાપમાને ૯૦ દિવસ સુધી ના બગડી જાય તેવું અમૂલ મોતી દૂધ વગેરે તેના જીંવત ઉદાહરણો છે.

વાર્ષિક સાધારણ સભામાં ખુબ મોટી સંખ્યામાં દૂધ મંડળીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને સભાની કાર્યવાહી સર્વસમંતીથી પૂર્ણ કરી હતી.



**દૂધસાગર ડેરી મહેસાણા ખાતે તા.૬.૬.૨૦૧૬ નારોજ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત દૂધસાગર ડેરીના ઈ. ચા. એમ.ડી. શ્રી પી.આર પટેલ, મયૂરી પરમાર (મદદ,પર્યાવરણ,ઈજનેર,મહેસાણા) એકઝીકયૂટીવ ડાયરેકટરો શ્રી પી.બી.ભામ્બી, ડો. નિતિન સંચેતી તથા ડેરીના કર્મચારીઓ ફોટામાં દ્રશ્યમાન થાય છે.**

# દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન મહેસાણા

<u>પરિપત્ર</u>

**ખુશખબર...**

**દૂધ ઉત્પાદક મિત્રો,**

- આથી આપને જણાવતા આનંદ થાય છે કે, પરદેશથી આયાત કરેલ વધારે સારી વંશાવલી ધરાવતા, ઉચ્ચ ગુણવત્તા ધરાવતા સાંઢના સિમેન ડોઝ જગુદણ ખાતે ઉપલબ્ધ હોઈ, ગાય ના બીજદાન માટે લાભ લેવા વિનંતી છે.
- આ ઈમ્પોર્ટેડ સિમેન ડોઝ ના બીજદાનથી ૧૦% વાછરડા અને ૯૦% વાછરડી આવવાની સંભાવના છે આ સિમેન ડોઝ ની કિંમત રૂા.૨૦૦/ડોઝ છે. આ સિમેન ડોઝના આખલાની મા નું દૂધ પ્રતિ વેતર ૧૦,૦૦૦ લિટરથી ઉપર હોવાથી આવનારી વાછરડીમાં ૫૦૦ થી ૧૦૦૦ લિટર દૂધ વધવાની સંભાવના રહેલી છે, જેથી વેતન દીઠ સરેરાશ રૂા.૨૦,૦૦૦ની વધારાની આવક થાય છે.
- આ ડોઝથી બીજદાન મુકાવવા માટે ગાયનુ દૂધ ૨૦ લિટર/ દિવસ હોવુ તેમજ કાને ટેગ નંબર (ઓળખ) હોવો જરૂરી છે, તેની પ્રથમ પસંદગી કરવામાં આવશે. સદર ડોઝની માગણી મંત્રી / બીજદાન કર્મચારી એ નજીકના દૂધસાગર ડેરીના પશુ સ્વાસ્થ્ય કેન્દ્રના ઈન્ચાર્જશ્રી ને જાણ કરવાથી ડોઝ ઉપલબ્ધ થશે.
- બીજદાન કર્યેથી વિયાણ સુધીની તમામ માહિતી સરકારશ્રીમાં આપવાની હોવાથી તમામ માહિતી બીજદાન કર્મચારીને આપવાની ફરજીયાત રહેશે, તેમજ બીજદાન કર્યા બાદ ગાય ને વેચી શકાશે નહી.
- આ અંગે વધુ માહિતી મેળવવા માટે
- શ્રી.ડો.એસ.બી.વ્યાસ, મો. ૮૧૨૮૬૭૩૮૯૪ નો સંપર્ક સાધવો.

**દૂધસાગર રિ.એન્ડ ડેવ.એસો.વતી**
**ઓનરરી સેક્રેટરી**

# દૂરડાની ૪૯મી વાર્ષિક સાધારણસભા યોજાઈ

દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન(દૂરડા)ની ૪૯મી વાર્ષિક સાધારણસભા તા:૨૬/૬/૨૦૧૬ના રોજ દૂરડાના અધ્યક્ષ શ્રી વિપુલ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભાને સંબોધતાં વિપુલ ચૌધરીએ જણાવ્યું હતું કે દૂરડાની રચના દૂધના ધંધાને વૈજ્ઞાનિક ઢબે અપનાવી ઓછા દૂધ ઉત્પાદન ખર્ચે નફાકારક દૂધ વ્યવસાય માટે જરૂરી માળખાગત સુવિધાઓમાં મદદરૂપ થવા સારું કરવામાં આવેલ છે. આપણા ડેરી ઉદ્યોગની સીમાઓ હવે ફક્ત મહેસાણા જિલ્લા, ગુજરાત રાજય ભારત દેશ પુરતો મર્યાદીત નથી. વૈશ્વિક ડેરી ઉદ્યોગની અસરો આપણા દૂધ ઉત્પાદનને પણ અસર કરે છે, જયારે વિશ્વમાં દૂધના ભાવોમાં વધઘટ થાય છે ત્યારે તેની અસર દૂધના ભાવો પર પણ પડે છે. વિશ્વમાં દૂધ ઉત્પાદન મોટા ડેરી ફાર્મ દ્વારા થાય છે જેમાં વૈજ્ઞાનિક પધ્ધતિનો ખુબ જ સારો ઉપયોગ થાય છે તેમજ પશુ દીઠ દૂધ ઉત્પાદન વધારે હોવાથી દૂધ ઉત્પાદન ખર્ચ ઓછો આવે છે. આ ઉપરાંત ત્યાંની સરકારો પણ દૂધ ઉત્પાદકને આર્થિક સહાય આપે છે. આનાથી વિરુધ્ધ આપણે ત્યાં નાના અને સીમાંત ખેડૂતો દ્વારા દૂધ ઉત્પાદન થાય છે જે એક થી પાંચ પશુઓ રાખતા હોય છે અને દૂધનો વ્યવસાય તેમની જીવાદોરી સમાન છે.

આપણે દૂધના વ્યવસાયને સહકારી અને વ્યવસાયિક રીતે, વૈજ્ઞાનિક રીતે આગળ વધારવાનો છે. મહેસાણી ભેંસમાં પ્રતિ વેતરે સરેરાશ ૧૯૨૩ લિટરથી ૩૦૦૦ લિટર લઈ જવાનું આપણું લક્ષ્ય છે. આ માટે દૂરડા દ્વારા મહેસાણા બફેલો બ્રિડર્સ એસોસીએશનની સ્થાપના કરવામાં આવેલ છે. ગાયોમાં દૂધ ઉત્પાદન વધારવા માટે ગીર, કાંકરેજ, શંકર, ઈમ્પોર્ટેડ સિમેન, સેકસડ સીમેન જગુદણ ખાતે ઉપલબ્ધ હોઈ તેનો લાભ લેવો જોઈએ.

દૂરડા દ્વારા દૂધ વ્યવસાયને કાર્યક્ષમ બનાવવા માટે શિક્ષણમાં ખૂબજ મોટું કામ આપણે કરેલ છે. માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજીમાં દૂધ દોહનારીના બાળકો દૂધ વ્યવસાયના નિષ્ણાંત બની રહ્યા છે. દૂધ દોહનારીના હાથમાં દૂધનો વ્યવસાય આવશે તો ચોકકસ દૂધ વ્યવસાય નફાકારક અને ટકાઉ બનશે. કંકુબા પશુપાલન વિદ્યાપીઠમાં ગ્રામીણકક્ષાએ દૂધ મંડળીના સહયોગમાં રહીને દૂધ ઉત્પાદનના ધંધાનો વિકાસ કરવા માટે દૂધ સંઘના માર્ગદર્શન પ્રમાણે પશુ પ્રજનન, પશુ પોષણ, પશુ સ્વાસ્થ્ય અને વ્યવસ્થાપન વગેરે માટેના જરૂરી એવા કાર્યક્રમોનું ક્ષેત્રિય કક્ષાએ અસરકારક અમલીકરણ કરવા માટે તેમજ સહકારી મંડળીના ઓડિટો, હિસાબો, સહકારી કાયદા વગેરેનું જ્ઞાન મેળવવા માટે અને દૂધ મંડળીના સુચારું સંચાલન માટે આ વિદ્યાપીઠમાં સ્નાતકોનું ઘડતર થઈ રહ્યું છે.

દૂરડાની વાર્ષિક સાધારણસભામાં ખુબ મોટી સંખ્યામાં મંડળીના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન (દૂરડા) અંતર્ગત સંસ્થાઓ

**માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ**
ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી
M.I.D.F.T
સ્થાપના - વર્ષ ૨૦૧૧
કોર્ષ - બી.ટેક (ડેરી ટેકનોલોજી)

**કંકુબા પશુપાલન વિદ્યાપીઠ**
સ્થાપના - વર્ષ ૨૦૧૫/૧૬
કોર્ષ - બી.એસ.સી. (ઓનર્સ)
મીલ્ક પ્રોડકશન મેનેજમેન્ટ

**જગુદણ પશુસંવર્ધન કેન્દ્ર**

**ડો.વર્ગીસ કુરીયન એકેડેમીક સેન્ટર**

## દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન (દૂરડા) અંતર્ગત સહાયથી આપવામાં આવતી વસ્તુઓ

મલ્કીંગ મશીન
બ્યુટોક્ષ (૫૦ મિ.લી.)
બેટીકોલ
ટીકકીલ પાવર (૧૦૦ મિ.લી.)
પ્રાઈપ્રેઝીન (૫૦૦ મિ.લી.)
ગળીયાના ટેસ્ટીંગ માટેની (સી.એમ.ટી.) કીટ
ટીટ ડીપ સ્પ્રે(૨૦૦ મિ.લી.) સાફકીટ
દાતરડા લાકડાનો હાથો (પરભુ પીજ)
દાતરડા પ્લાસ્ટીકનો હાથો (ધરતી/કિસાન બ્રાન્ડ)
સાંકળ (ગાય છાપ)

# વાર્ષિક સાધારણસભામાં નિયુકત ડિરેકટરોના સત્કાર સમારંભ યોજયા.










દૂધસાગર ડેરીની તા.૨૬.૬.૨૦૧૬ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભામાં દૂધ સંઘની પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડવાની પ્રવૃત્તિઓ કરતાં સભ્યને સસ્પેન્ડ કરી તેમના સ્થાને સભા દ્વારા સર્વાનુમતે પસાર કરેલ ઠરાવ મુજબ મહેસાણા વિભાગમાં નવા ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવેલ શ્રી નાનજીભાઈ રામજીભાઈ ચૌધરી(મેવડ)ના સત્કાર સમારંભ તથા સ્નેહમિલનમાં ઉપસ્થિત મહાનુભાવોને સંબોધન કરતાં રાજય સભાના પૂર્વ સાંસદ શ્રી નટુજી ઠાકોર, શ્રી નાનજીભાઈ રામજીભાઈ ચૌધરી(મેવડ),દૂરડા ના અધ્યક્ષ શ્રી વિપુલ ચૌધરી, શ્રી સોમભાઈ રાયકા,દૂધસાગર ડેરીના ડિરેકટર શ્રી મોઘજીભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ, શ્રી અભુજી ઠાકોર (ઠાકરાસણ),દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, દૂધસાગર ડેરીના ડિરેકટરો શ્રી શંકરભાઈ ચૌધરી,દૂરડાના ડિરેકટર શ્રી બાબુભાઈ ચૌધરી(ગઠામણ),ડેરીના ડિરેકટર શ્રી વાઘુભાઈ દેસાઈ,શ્રી ઈશ્વરભાઈ પટેલ (ખરોડ),ડેરીના ડિરેકટર શ્રી મોઘજીભાઈ પટેલ વગેરે જણાય છે.








દૂધસાગર ડેરીની તા.૨૬.૬.૨૦૧૬ના રોજ મળેલ વાર્ષિક સાધારણસભા દ્વારા કસ્ટોડિયન કમિટિના કાર્યકાળ દરમિયાન સાગરદાણના કારખાનાઓમાં થયેલ રૂ.૨૭ કરોડ થી વધુના નુકશાનને કારણે સસ્પેન્ડ કરાયેલ સભ્યને બદલે સર્વાનુમતે પસાર કરેલ ઠરાવ મુજબ કડી વિભાગમાં નવા ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવેલ શ્રી ગણેશભાઈ માધાભાઈ દેસાઈના રાજપુર મુકામે યોજાયેલ સત્કાર સમારંભ તથા સ્નેહમિલનમાં ઉપસ્થિત દૂધસાગર ડેરીના ડિરેકટર શ્રીમતી સૂરજબેન ચૌધરી, દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, શ્રી ગણેશભાઈ માધાભાઈ દેસાઈ, ખૂમાભાઈ હરિભાઈ દેસાઈ, દૂરડાના અધ્યક્ષ શ્રી વિપુલ ચૌધરી, કલોલના ધારાસભ્ય શ્રી ઠાકોર બળદેવજી, શ્રી સોમભાઈ રાયકા, શ્રી બબાભાઈ દેસાઈ, ડિરેકટર શ્રી રામજીભાઈ દેસાઈ, પટેલ નવિનચંદ્ર ચંદુલાલ(ખાવડ), દેસાઈ લાલજીભાઈ, દેસાઈ કરશનભાઈ(કોલાદ), પટેલ કલ્પેશભાઈ વગેરે જણાય છે.









**દૂધસાગર ડેરીની તા.૨૬.૬.૨૦૧૬ના રોજ મળેલ વાર્ષિક સાધારણસભા દ્વારા કસ્ટોડિયન કમિટિના કાર્યકાળ દરમિયાન સાગરદાણના કારખાનાઓમાં થયેલ રૂ.૨૭ કરોડ થી વધુના નુકશાનને કારણે સસ્પેન્ડ કરાયેલ સભ્યને બદલે સર્વાનુમતે પસાર કરેલ ઠરાવ મુજબ સિધ્ધપુર વિભાગમાં નવા ડિરેકટર તરીકે નિયુકત કરવામાં આવેલ શ્રી જગાજી નથાજી ઠાકોર(ઠાકરાસણ)ના સિધ્ધપુર મુકામે યોજવામાં આવેલ સત્કાર સમારંભ તથા સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત સિધ્ધપુરના ધારાસભ્ય શ્રી બળવંતસિંહ રાજપૂત, દૂરડાના અધ્યક્ષશ્રી વિપુલભાઈ ચૌધરી, શ્રી કાનજીભાઈ દેસાઈ, શ્રી અભૂજી ઠાકોર, દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર , શ્રી નાનજીભાઈ રામજીભાઈ ચૌધરી(મેવડ) ,શ્રી ગણેશભાઈ માધાભાઈ દેસાઈ (રાજપુર), દૂધસાગર ડેરીના ડિરેકટર મેપાજી ઠાકોર તથા દૂધ ઉત્પાદકો.**

# શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા (એમ.આઈ.ટી)ની મુલાકાત







**શ્રીમતી આનંદીબેન પટેલ સાથે માનસિંહભાઈ ઈન્સ્ટિટયુટ ઓફ ટ્રેનિંગ (એમ.આઈ.ટી) વિષે ચર્ચા કરતા શ્રી વિપુલ ચૌધરી**

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા તાઃ૨૩/૬/૨૦૧૬ના રોજ દૂરડાના ચેરમેનશ્રી વિપુલ ચૌધરીને સાથે રાખી એન.ડી.ડી.બી આણંદ સંચાલિત માનસિંહ ઈન્સ્ટિટયુટ ઓફ ટ્રેનિંગની (એમ.આઈ.ટી)ની રૂબરુ મુલાકાત લીધી હતી.

દૂધસાગર ડેરીના દૂરડા અંતર્ગત કામધેનું યુનિવર્સિટી સાથે સંલગ્ન માનસિંહ ઈન્સ્ટિટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી (એમ.આઈ.ડી.એફ.ટી) કોલેજ ચલાવવામાં આવે છે જયાં અભ્યાસ કરી દૂધ દોહનારીના બાળકો બી.ટેક (ડેરી ટેકનોલોજી) ડીગ્રી મેળવે છે. ગણપત યુનિ.સંલગ્ન કંકુબા પશુપાલન વિદ્યાપીઠ કે જયાં બાળકો અભ્યાસ કરી ગ્રામ્ય કક્ષાએ દૂધનો વ્યવસાય વૈજ્ઞાનિક ઢબે થાય તે માટેની તાલીમ હાંસલ કરે છે. એન.ડી.ડી.બી સંચાલિત માનસિંહ ઈન્સ્ટિટયુટ ઓફ ટ્રેનિંગની (એમ.આઈ.ટી) દૂધસાગર ડેરીની બાજુમાં આવેલ છે. આ તાલીમ સેન્ટર શરુ કરવામાં જે તે વખતે દૂધસાગર ડેરીનો સિંહફાળો રહેલ છે. હવે જયારે દૂધસાગર ડેરીની દૂરડા અંતર્ગત બે કોલેજો શરૂ થઈ ગઈ છે ત્યારે આ કેમ્પસ દૂધસાગર ડેરીને સોપવામાં આવે તો તેનો ખુબ સારો ઉપયોગ થઈ શકે એમ છે અને જેનો ફાયદો જિલ્લાના લાખ્ખો દૂધ ઉત્પાદકોના બાળકોને થશે. દૂધસાગર ડેરીની ભલામણને ધ્યાનમાં રાખી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા તા : ૩/૯/૨૦૧૪ના રોજ ભારત સરકારના કૃષિ મંત્રીશ્રી રાધા મોહનસિંહને પત્ર લખી એમ.આઈ.ટી.કેમ્પસ દૂધસાગર ડેરી સંચાલિત એમ.આઈ.ડી.એફ.ટી.કોલેજને સોપવા ભલામણ પણ કરવામાં આવેલ છે.

**દૂરડાના ચેરમેન શ્રી વિપુલ ચૌધરી દ્વારા એન.ડી.ડી.બી સંચાલિત એમ.આઈ.ટી દૂધસાગર ડેરીને સોપવામાં આવે તે માટે ભારત સરકારના કૃષિ મંત્રી શ્રી રાધા મોહન સિંહ, તત્કાલિન કૃષિ રાજય મંત્રીશ્રી મોહનભાઈ કુંડારીયા તથા ડો.સંજય બલિયાનની રૂબરુ મુલાકાત લઈ વિગતવાર રજૂઆત કરેલ છે. આ ફાઈલ હાલ પ્રધાનમંત્રી કાર્યાલયમાં છે.**

શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા દૂધસાગર ડેરીના નવા સ્વિટેન્ડ કન્ડેન્સ્ટ મિલ્ક પ્લાન્ટ અને સહયોગના નવિન મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું **તથા દૂધસાગર ડેરી કેમ્પસમાં આવેલ દૂરડા સંચાલિત માનસિંહભાઈ ઈન્સ્ટિટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી (એમ.આઈ.ડી.એફ.ટી) કોલેજની રૂબરૂ મુલાકાત લઈ વિપુલ ચૌધરી પાસેથી વિસ્તૃત માહિતી મેળવી હતી.**





દૂરડાની વાર્ષિક સાધારણ સભામાં સંકલ્પ લેતા
**MIDFT** ની બીજી બેચ(૨૦૧૬)ના વિદ્યાર્થીઓ



દૂરડાના અધ્યક્ષ વિપુલ ચૌધરી ના હસ્તે ગોલ્ડ મેડલ મેળવતાં
ચૌધરી હિરલબેન માનસિંહભાઈ
(બેસ્ટ સ્ટૂડન્ટ ડેરી ટેકનોલોજી)



દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ
શ્રીમતી આશાબેન ઠાકોર ના હસ્તે ગોલ્ડ મેડલ મેળવતાં
દેસાઈ ભૂમિકાબેન શરદભાઈ
(બેસ્ટ સ્ટૂડન્ટ ડેરી ટેકનોલોજી) કોષ
(બેસ્ટ સ્ટૂડન્ટ ડેરી ટેકનોલોજી) વિષય

# પશુ તંદુરસ્તી હરીફાઈ - ૨૦૧૫-૧૬











દૂધસાગર ડેરીમાં પી.ટી.પ્રોગ્રામ અંતર્ગત ‘પશુ તંદુરસ્તી હરીફાઈ-૨૦૧૫/૧૬’નું આયોજન કરવામાં આવેલ. જેમાં પસંદગી કરેલ અલગ-અલગ સેન્ટરની ૨૫ (પચ્ચીસ) મંડળીઓના પશુઓની તંદુરસ્તી માટે હરીફાઈ યોજાયેલ જેમાં સમાવેશ કરેલ ૨૫ મંડળીમાં દરેક મંડળીમાં પ્રથમ નંબરે આવનારને ૫,000/- બીજા નંબરે આવનારને 3000/- અને તૃતીય નંબરે આવનાર પશુઓના માલિકને ૨,000/- રૂપિયા ઈનામ આપવામાં આવેલ.પટેલ કમલેશભાઈ ભીખાભાઈ(ફુદેડા),ચૌધરી અશ્વિનભાઈ શંકરભાઈ (કામલપુર-ગોઠવા), પટેલ નારાયણભાઈ બેચરભાઈ (ગુંછળી), ચૌધરી ભરતભાઈ અંબાલાલ (હિંમતપુરા-વેડા),પટેલ રમણભાઈ બબાભાઈ (આનંદપુરા-કુ.)

# દૂધસાગર ડેરીમાં ૭૦માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



દૂધસાગર ડેરીમાં તા.૧૫.૮.૨૦૧૬ ના રોજ ૭૦માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કર્મચારીઓને સંબોધતા દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોરે જણાવ્યું હતું કે, દેશને આઝાદી અપાવવામાં જે મહાન વ્યક્તિઓએ પોતાનું યોગદાન આપ્યું છે તે સૌને આજે હું વંદન કરું છું. આપણી ડેરીના સ્થાપક સ્વ.માનસિંહભાઈ પટેલ સાહેબ, સંવર્ધક સ્વ.મોતીભાઈ ચૌધરી સાહેબ અને માનનીય શ્રી વિપુલભાઈ ચૌધરી સાહેબના અભૂતપૂર્વ યોગદાન અને મહેનતથી આજે આપણી ડેરી વિકાસની અનેક ઉંચાઈઓ સર કરી સમગ્ર ભારતમાં સીમાચિહ્ન રૂપ સહકારી સંસ્થા બની છે.

આજના આ પાવન પર્વ નિમિત્તે આપણે સૌએ સંકલ્પ કરવો જોઈએ કે આપણે આપણા દેશ માટે. તેના વિકાસ માટે બનતું તમામ કામ કરી છુટીશું. આપણે ભારત સ્વચ્છતા અભિયાન હેઠળ આપણા દેશને સૌથી સ્વચ્છ દેશ પણ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.

આપણો દેશ એક મહાન સંસ્કૃતિ ધરાવતો દેશ છે.આપણા દેશની સાંસ્કૃતિક વિરાસત સચવાઈ રહે અને દૂધસાગર ડેરીમાં કામ કરતા તમામ સમાજના લોકો વચ્ચે ભાઈચારો બની રહે તથા સૌ પોતાની ફરજ પૂરી નિષ્ઠાપૂર્વક બજાવી દૂધસાગર ડેરીના વિકાસમાં શકય એટલું તમામ યોગદાન આપવાનો, આજના દિવસે પૂરી નિષ્ઠાથી સંકલ્પ કરવો જોઈએ.

દૂધસાગર ડેરીએ છેલ્લા વર્ષોમાં વિકાસની હરણફાળ ભરી છે અને દિલ્હી નજીકની દૂધમાનસાગર ડેરી, દૂધ મોતીસાગર ડેરી, જગુદણ ખાતેનું અત્યાધુનિક સાગરદાણનું કારખાનું, માનસિંહભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ડેરી  એન્ડ ફૂડ ટેકનોલોજી કોલેજ, ડો.વર્ગીસ કુરિયન એકેડેમીક સેન્ટર, કંકુબા પશુપાલન વિદ્યાપીઠ, સામાન્ય તાપમાને ૯૦ દિવસ સુધી બગડી ના  જાય તેવું અમૂલમોતી દૂધ વગેરે તેના જીંવત ઉદાહરણો છે.

હું આશા રાખું છું કે આવનારા વર્ષોમાં આપ સૌના સાથ અને સહકારથી દૂધસાગર ડેરી વિકાસના નવા સોપાન સર કરશે.આ કાર્યક્રમમાં  દૂધસાગર ડેરીના ઈ.ચા.મેનેજીંગ ડિરેકટર શ્રી પી.આર.પટેલ સહિત ખૂબ મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતાં.

## દૂધસાગર ડેરી સંયોજીત દૂધ મંડળીઓમાં દૂધ ભરાવતા દૂધ ઉત્પાદકો માટે ખુશખબર

દૂધસાગર ડેરી સંયોજીત દૂધ ઉત્પાદકોનાં બિમાર પશુઓ માટે સ્પે. વિઝીટ નોંધાવવા આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી વેબ વેટરનરી સપોર્ટ સિસ્ટમ શરૂ કરવા જઈ રહ્યા છીએ.

આ સિસ્ટમમાં નોંધણી (રજીસ્ટ્રેશન) કરાવેલ મોબાઈલ નંબર/ લેન્ડ લાઈન ઉપરથી નીચે દર્શાવેલ ટોલ ફ્રી નંબર ઉપર સામેથી સંબંધિત વેટરીનરી ડોકટરશ્રી નોંધી લેશે અને પશુની બિમારી અનુસાર સમયસર વેટરનરી ડોકટર આવશે.

**સિસ્ટમના ફાયદા :**

(૧) ટોલ ફ્રી નંબરથી વિઝીટ નોંધણીની સરળતા.*
(૨) દૂધ ઉત્પાદકોનો પશુ ચિકિત્સક સાથે સીધો સંપર્ક.
(૩) આના લીધે પશુની બીમારીથી ડોકટર અગાઉથી સંપૂર્ણ વાકેફ થાય.
(૪) પશુની બીમારી અનુસાર સમયસર સારવાર.
(૫) સંબંધિત દૂધ ઉત્પાદક કે મંત્રીશ્રી ડોકટરશ્રીના આવવાનો સમય જાણી શકશે.

**સિસ્ટમની પધ્ધતિ :-**

(૧) રજીસ્ટર્ડ મોબાઈલ નંબર/લેન્ડ લાઈન પરથી ટોલ ફ્રી નંબર પર મિસ કોલ.
(૨) કરેલ મિસ કોલવાળા નંબર ઉપર વેટરનરી ડોકટરશ્રી ફોન કરી, વીઝીટની નોંધણી કરશે.

**ટોલ ફ્રી નંબર**

**૧૮૦૦ ૩૦૦ ૧૧ ૨૦૧, ૧૮૦૦ ૩૦૦ ૧૧ ૨૦૨**

*** રજીસ્ટ્રેશન અનિવાર્ય**

# દૂધાળ ગાય-ભેંસની સાર સંભાળ "એક કળા"

જેટલી તંદુરસ્ત આપણી ગાયો-ભેંસો તેટલા જ આપણે અને આપણું આર્થિક પાસું સારુ. જયારે ગાય-ભેંસ બિમાર પડે છે ત્યારે આપણે સંઘમાંથી સ્પે. વિઝીટ મારફતે ડોકટરશ્રીને બોલાવી તેની જરૂરીયાત મુજબ સારવાર કરાવી તેને રોગથી છુટકારો અપાવીએ છીએ, જેની પાછળ આપણો સંઘ વર્ષે આઠેક કરોડ રૂપિયા ખર્ચે છે. જે વ્યવસ્થા પશુ માલિકો માટે આવકાર દાયક તેમજ ફાયદા કારક છે.

પરંતુ આજે ગાય-ભેંસ બિમાર પડી, વિઝીટ બોલાવી, સારવાર કરાવી, એકાદ બે દિવસમાં મોટે-ભાગે તેને બરાબર થઈ જાય છે. આ બધુ સમજાય તેમ છે પરંતુ આની પાછળ એક સત્ય હકીકત રહેલી છે. જે આપણી સમજમાં હજુ સુધી આવ્યુ નથી, તે છે ગાય-ભેંસ નું દૂધ ઉત્પાદન બિમારી આવ્યા બાદ તે પહેલાનું દૂધ ઉત્પાદન અને બિમારીમાંથી સાજુ-સારું થયું તે બાદ તેના મૂળ દૂધ ઉત્પાદનમાં પાછું આવ્યું તે સમય મોટા ભાગના કેસોમાં છ થી સાત દિવસના હોય છે, મતલબ છ થી સાત દિવસમાં જે દૂધ આપણે ગુમાવ્યું તેની કિંમત અને આ કિંમતનો આપણે કદાપી વિચાર કર્યો નથી હવે વિચાર કર્યા સિવાય છૂટકો નથી.

તેથી જ આપણી ગાય-ભેંસ બિમાર જ ના પડે તેવું કંઈક જાણીએ અને તેનો અમલ કરીએ એ સવિશેષ મહત્વનું છે.

ચાલો આપણે એવી વ્યવસ્થા ગોઠવીએ કે જેથી આપણી ગાયો-ભેંસો રોગ મુક્ત અને તંદુરસ્ત રહે. આ વિશે આપણે મારા ૩૫ વર્ષના આ ક્ષેત્રના અનુભવોની આછી ઝલક આપની સમક્ષ રજુ કરુ છું, જેમાં પૈસા ખર્ચવાની કોઈ જરૂર નથી. જરૂર છે ફક્ત ગાય-ભેંસની સાર સંભાળમાં થોડુક વધુ ધ્યાન આપવાની જે આપણા રોજબરોજ ના વ્યવહારમાં સંકળાયેલુ છે.

## રસીકરણ

આપણા જિલ્લામાં મુખ્યત્વે બે ચેપી રોગ ગળસૂંઢો અને ખરવા-મોંવાસા આપણા જાનવરોમાં થાય છે. જે સારૂ દર વર્ષે જૂન માસના પ્રથમ અઠવાડીયામાં ગળસૂંઢાની રસી દરેક જાનવરને અપાવવી જ જોઈએ. સદર રસી ગુજરાત સરકારશ્રી દ્વારા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. જયારે ખરવા-મોંવાસાની રસીનો પ્રથમ ડોઝ ઓગસ્ટ માસના પ્રથમ કે બીજા અઠવાડીયામાં તથા બીજો ડોઝ ફેબ્રુઆરી માસના છેલ્લા અઠવાડીયામાં દરેક જાનવરને અપાવવો જ જોઈએ. સદર રસી સંઘ મારફતે સબસીડીના ધોરણે જાનવર દીઠ રૂા. ૧.૭૫ જેટલી મામૂલી કિંમતે અપાવવામાં આવે છે. તથા બળિયાની રસી પણ ગુજરાત સરકારશ્રી દ્વારા તેના સમય મુજબ આપવામાં આવે છે. આટલું જ કરવાથી જાનવરોમાં આવતી કુલ બિમારીઓમાંથી ૩૦ ટકા બિમારીઓનું નિવારણ કરી શકાય છે.

**ક્રમશઃ**

**(લેખક ડો.એમ.એમ.અમીન
એકઝીકયુટીવ ડાયરેકટર
કંકુબા પશુપાલન વિદ્યાપીઠ
મહેસાણા)**

# ડો.વર્ગીસ કુરિયનની પ્રતિમા મિશિગન યુનિ.માં મુકાઈ

'શ્વેતક્રાંતિ' ના પ્રણેતા સ્વ. ડો.વર્ગીસ કુરિયનની પ્રતિમા મિશિગન સ્ટેટ યુનિવર્સિટી(એમએસયુ)ના પ્રાંગણમાં સ્થાપિત કરાઈ છે. કર્ણાટકના ડેરી ઈજનેર મલ્લિકાર્જુન દેવપુર વીરાભદ્રપ્પાએ આરસની પ્રતિમા યુનિવર્સિટીમાંથી ૧૯૪૮માં મિકેનીકલ એન્જિનિયરીંગમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી.

યુનિવર્સિટીના એન્જિનિયરીંગ ડીન લીયો કેમ્પલ અને ડિપાર્ટમેન્ટ ઓફ મિકેનિકલ એન્જિનિયરીંગ ચેરમેન જેમ્સ કલોસનર સમક્ષ મલ્લિકાર્જુને આ પ્રસ્તાવ મૂકયો હતો. આ માટે ડો. કુરિયનના પુત્રી નિર્મલા કુરિયન તથા એમએસયુના રિસર્ચ સ્કોલર અશ્વિન મૌર્ય અને એમએસયુઆઈના એક્ઝિકયુટિવ ઉપાધ્યક્ષ સતીષ ઉડપાએ પણ સહયોગ આપ્યો હતો.

કોમ્યુનિકેશન મેનેજર પેટરિસિયા મ્રોરકઝેકના મતે કોલેજ ઓફ એન્જિનિયરિંગના ફેસબુક પેજ અને ટ્વિટર ઉપર ૪૦,૦૦૦થી વધુ વ્યૂ મળ્યા છે. મલ્લિકાર્જુનના મતે ડો. કુરિયનને ભારતમાં ૩૦ સંસ્થાનું નિર્માણ કર્યું છે. ડો. કુરિયનના પ્રયાસો થકી ભારતમાં વર્ષ ૧૯૯૬માં ૬૬ મિલિયન ટનનો વધારો થયો હતો. ત્યાર પછીથી દર વર્ષે દૂધ ઉત્પાદનમાં ૧૬૦ મિલિયન ટનનો વધારો થયો હતો.

**(દિવ્યભાસ્કર અમદાવાદ આવૃત્તિમાંથી...)**

કંકુબા પશુપાલન વિદ્યાપીઠ

GANPAT UNIVERSITY
|| विद्यया समाजोत्कर्षः ||

# દૂધસાગર ડેરીની પહેલ

## પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા
## (મિલ્ક પ્રોડક્શન મેનેજમેન્ટ)

## પ્રવેશ / એડમિશન

### દૂધ ઉત્પાદન ક્ષેત્રે કારકિર્દી ઈચ્છતા બી.આર.એસ.ના સ્નાતકો માટે ઉજ્જવળ તક

ગણપત યુનિવર્સિટી અને દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન (DURDA)ના સહયોગથી ગણપત યુનિવર્સિટી ખાતે **પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મિલ્ક પ્રોડક્શન મેનેજમેન્ટ** નો ૧૮ મહિનાનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે.

**પ્રવેશ યોગ્યતા :**
અરજદાર ગુજરાત રાજ્યમાંથી બી.આર.એસ.ના અભ્યાસમાં ૫૦% સાથે વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬માં ઉત્તીર્ણ થયેલ હોવો જોઈએ

**પ્રવેશ પ્રક્રિયા :**
મેરિટના ધોરણે (પશુપાલન સાથે બી.આર.એસ. કરેલા વિદ્યાર્થીઓને અગ્રિમતા આપવામાં આવશે)

**અરજીપત્રક ક્યાંથી મેળવશો :**
વી.એમ.પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ગણપત યુનિવર્સિટીના કાર્યાલય પરથી ઓફિસના કામકાજના સમય દરમ્યાન (૧૦.૦૦ થી ૫.૦૦) અરજીપત્રક રૂબરૂમાં રૂા.૧૦૦/- રોકડા ભરીને મેળવી શકાશે

**અરજીપત્રક ક્યાં જમા કરાવશો :**
સંપૂર્ણ વિગતો ભરેલ અરજીપત્રક તમામ જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે રૂબરૂમાં અથવા ટપાલ (રજીસ્ટર્ડ એડી) દ્વારા વી.એમ.પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ગણપત યુનિવર્સિટીના સરનામા પર છેલ્લી તારીખ સુધીમાં ઓફિસના કામકાજના સમય દરમ્યાન જમા કરાવવાનું રહેશે.

- અરજીપત્રક વેચાણની શરૂઆત : ૨૨ ઓગસ્ટ, ૨૦૧૬
- અરજીપત્રક જમા કરાવવાની છેલ્લી તારીખ : ૫ સપ્ટેમ્બર, ૨૦૧૬
- પ્રવેશ પરીક્ષાની તારીખ : ૮ સપ્ટેમ્બર, ૨૦૧૬
- મેરિટ યાદી જાહેર કરવાની તારીખ : ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૬

**ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને મહેસાણા સહકારી દૂધ સંઘના કાર્યક્ષેત્રમાં ગ્રામ્યકક્ષાએ પ્લેસમેન્ટ ગેરંટી**

**સંપર્ક :**

**વી.એમ.પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ**
ગણપત યુનિવર્સિટી, ગણપત વિદ્યાનગર,
મહેસાણા-ગોઝારીયા હાઈવે, જિ. મહેસાણા.
ફોન નં: ૦૨૭૬૨-૨૮૬૮૯૬, ૪૬૦૩

**કુંકુબા પશુપાલન વિદ્યાપીઠ**
ગણપત યુનિવર્સિટી,
ગણપત વિદ્યાનગર - ૩૮૪૦૧૨.
ફોન નં. ૦૨૭૬૨-૨૨૬૧૩૬-૨૨૨૫,

ડૉ. મેહુલ પટેલ – ૯૦૩૩૫૧૦૨૪૮, ડૉ. સંકેત પટેલ – ૮૪૦૧૭૬૭૮૦૨,
ડૉ. પી.એ.પટેલ – ૮૧૨૮૬૭૩૯૧૧

oneadvt.com

# દૂધ ઉત્પાદકો માટે દૂરડા દ્વારા સહાયથી આપવામાં આવતી વિવિધ વસ્તુઓ.

૨૦૧૬ - ૨૦૧૭

તા.૦૫.૦૮.૨૦૧૬

| ક્રમ | વસ્તુ | વેટ સાથે થતી કિંમત | દૂરડા સહાય | દૂરડા સહાય રકમ | સભાસદ/ મંડળીને કેટલામાં મળે | શું જોઈએ ? |
|---|---|---|---|---|---|---|
| ૧ | લોખંડની ઘોડી (મંડળી માટે) | ૬૨૨૩.૩૫ | 30% | ૧૮૬૭.૦૧ | ૪૩૫૬.૩૫ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ |
| ૨ | લોખંડની ઘોડી (સભાસદ માટે) | ૬૨૨૩.૩૫ | 30% | ૧૮૬૭.૦૧ | ૪૩૫૬.૩૫ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી તથા રૂપિયા એક લાખનું દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે |
| ૩ | હાથસૂડા | ૬૨૮.૦૦ | ૫૦% | ૩૧૪ | ૩૧૪ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી |
| ૪ | કોમ્પ્યૂટર (મોનીટર,સીપીયૂ,માઉસ,કિ બોર્ડ) | ૨૧૩૧૫.૦૦ | 30% | ૬૩૯૪.૫૦ | ૧૪૯૨૦.૫૦ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ (દૂધ મંડળી માટે) |
| | પ્રીન્ટર | ૬૬૧૫.૦૦ | 30% | ૧૯૮૪.૫૦ | ૪૬૩૦.૫૦ | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ (દૂધ મંડળી માટે) |
| ૫ | એનીમલ કુલીંગ સીસ્ટમ (જાનવરો માટેના ફુવારા | | | | | (મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પૂરવઠો) |
| | ૧૦ જાનવર માટે | ૧૦૫૦૧.૦૫ | 30% | ૩૧૫૦.૩૨ | ૭૩૫૦. ૭૪ | વાર્ષિક ૧૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે |
| | ૨૦ જાનવર માટે | ૧૨૦૭૫.૦૦ | 30% | ૩૬૨૨.૫૦ | ૮૪૫૨.૫૦ | વાર્ષિક ૨૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે |
| ૬ | ઈલેક્ટ્રીક ચાફ્કટર ૦.૫ એચ.પી | ૧૪૫૫૩.૦૦ | 30% | ૪૩૬૫.૯૦ | ૧૦૧૮૭.૧૦ | વાર્ષિક ૫,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૨ દૂધાળ પશુઓ) |
| | ઈલેક્ટ્રીક ચાફ્કટર ૧ એચ.પી | ૧૫૨૨૬.૦૫ | 30% | ૪૫૬૭.૮૨ | ૧૦૬૫૮.૨૪ | વાર્ષિક ૫,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૪ દૂધાળ પશુઓ) |
| | ઈલેક્ટ્રીક ચાફ્કટર ૨ એચ.પી | ૨૦૯૪૭.૫૦ | 30% | ૬૨૮૪.૨૫ | ૧૪૬૬૩.૨૫ | વાર્ષિક ૧૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૭ દૂધાળ પશુઓ) |
| | ઈલેક્ટ્રીક ચાફ્કટર ૩ એચ.પી | ૨૫૩૫૭.૫૦ | 30% | ૭૬૦૭.૨૫ | ૧૭૭૫૦.૨૫ | વાર્ષિક ૨૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૮ દૂધાળ પશુઓ) |
| | ટ્રેક્ટર સંચાલીત ચાફ્કટર | ૧૨૩૦૧૧.૭૦ | ૨૦% | ૨૪૬૦૨.૩૪ | ૯૮૪૦૯.૩૬ | વાર્ષિક ૧,૦૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે / ૬૦ દૂધાળ પશુઓ રાખતા હોવા જોઈએ. |
| | | | | | | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પૂરવઠો +પશુની સંખ્યા ) |
| ૭ | મિલ્કીંગ મશીન (શ્રધ્ધા એન્જા) | | | | | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પૂરવઠો +પશુની સંખ્યા ) |
| | ૧. મિલ્કીંગ મશીન મોડલ-એસ-૧ મુવેબલ એક કલસ્ટર (૧૦ થી ૧૫ પશુ માટે) એક પશુ દોહી શકાય. | ૩૬૩૮૩.૦૦ | 30% | ૧૦૯૧૪.૯૦ | ૨૫૪૬૮.૧૦ | વાર્ષિક ૧૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળ પશુઓ) |
| | ૨. મિલ્કીંગ મશીન મોડલ-એસ-૨ મુવેબલ એક કલસ્ટર (૧૫ થી 30 પશુ માટે) એક પશુ દોહી શકાય. | ૪૧૮૯૫.૦૦ | 30% | ૧૨૫૬૮.૫૦ | ૨૯૩૨૬.૫૦ | વાર્ષિક ૨૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૧૦ દૂધાળ પશુઓ) |
| | 3. મિલ્કીંગ મશીન મોડલ સીંગલ-૧ મુવેબલ એક કલસ્ટર (૧૨ થી ૧૫ પશુ માટે) એક પશુ દોહી શકાય. | ૨૪૨૫૫.૦૦ | 30% | ૭૨૭૬.૫૦ | ૧૬૯૭૮.૫૦ | વાર્ષિક ૧૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળ પશુઓ) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | મિલ્કીંગ મશીન (ડીલવાલ કં.) | | | | | મંડળીના લેટરપેડ પર માંગણી + ઠરાવ + વાર્ષિક દૂધ પૂરવઠો +પશુની સંખ્યા ) |
| | ૧. મિલ્કીંગ મશીન મોડલ બી.એમ.એસ-૧ ફ્લોર માઉન્ટેડ બકેટ ટાઇપ એક કલસ્ટર (૧૦ થી ૧૫ પશુ માટે) એક પશુ દોહી શકાય. | ૬૦૦૮૬.૨૫ | 30% | ૧૮૦૨૫.૮૮ | ૪૨૦૬૦.૩૮ | વાર્ષિક ૧૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળ પશુઓ) |
| | ૨. મિલ્કીંગ મશીન મોડલ બી.એમ.એસ-૧ ફ્લોર માઉન્ટેડ બકેટ ટાઇપ બે કલસ્ટર (૧૫ થી 30 પશુ માટે) એક પશુ દોહી શકાય. | ૭૭૭૨૬.૨૫ | 30% | ૨૩૩૧૭.૮૮ | ૫૪૪૦૮.૩૮ | વાર્ષિક ૨૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૧૦ દૂધાળ પશુઓ) |
| | ૩. મિલ્કીંગ મશીન મોડલ એમ.એમ.યુ-૧૧ મુવેબલ એક કલસ્ટર (૧૦ થી ૧૫ પશુ માટે) એક પશુ દોહી શકાય. | ૭૬૭૩૪.૦૦ | 30% | ૨૩૦૨૦.૨૦ | ૫૩૭૧૩.૮૦ | વાર્ષિક ૧૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૫ દૂધાળ પશુઓ) |
| | ૪. મિલ્કીંગ મશીન મોડલ એમ.એમ.યુ-૨૨ મુવેબલ બે કલસ્ટર (૧૫ થી 30 પશુ માટે) બે પશુ દોહી શકાય. | ૮૫૭૭૪.૫૦ | 30% | ૨૫૭૩૨.૩૫ | ૬૦૦૪૨.૧૫ | વાર્ષિક ૨૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે (૧૦ દૂધાળ પશુઓ) |
| | ૫. મિલ્કીંગ મશીન મોડલ બી.એમ.એસ-૪ ફીક્સ ટાઇપ ચાર કલસ્ટર (૨૦ થી ૪૦ પશુ માટે) ચાર પશુ દોહી શકાય. | ૧૨૧૨૭૫.૦૦ | ૨૦% અથવા મહત્તમ રૂ.30,000 | ૨૪૨૫૫.૦૦<br>30000.00 | ૯૭૦૨૦.૦૦<br>૯૧૨૭૫.૦૦ | વાર્ષિક ૧,૦૦,૦૦૦ લિટરથી વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદક માટે / ૬૦ દૂધાળ પશુઓ) |
| ૮ | બ્યુટોક્ષ (૫૦ મિ.લી.) | ૫૫.૬૫ | ૫૦% | ૨૭.૮૩ | ૨૭.૮૩ | મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી |
| ૯ | બેટીકોલ | ૧૧૮.૬૫ | ૫૦% | ૫૯.૩૩ | ૫૯.૩૩ | મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી |
| ૧૦ | ટીકકીલ પાવર (૧૦૦ મિ.લી.) | ૧૨૩.૯૦ | ૫૦% | ૬૧.૯૫ | ૬૧.૯૫ | મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી |
| ૧૧ | પ્રાઇપ્રેઝીન (૫૦૦ મિ.લી.) | ૧૯૨.૧૫ | ૫૦% | ૯૬.૦૮ | ૯૬.૦૮ | મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી |
| ૧૨ | ગળીયાના ટેસ્ટીંગ માટેની (સી.એમ.ટી.) કીટ | ૩૨૫.૫૦ | ૫૦% | ૧૬૨.૭૫ | ૧૬૨.૭૫ | મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી |
| ૧૩ | ટીટ ડીપ સ્પ્રે(૨૦૦ મિ.લી.) સાફ્કીટ | ૭૭.૭૦ | ૫૦% | ૩૮.૮૫ | ૩૮.૮૫ | મંડળીના લેટરપેડ પર માંગણી + ગ્રાહક ખાતા નંબર સાથેની યાદી |
| ૧૪ | દાતરડા લાકડાનો હાથો (પરભુ પીજ) | ૭૦.૦૦ | ૫૦% | ૩૫.૦૦ | ૩૫.૦૦ | મંડળીના લેટરપેડ પર માંગણી + વાર્ષિક દૂધ પૂરવઠા સાથે ગ્રાહકોની ખાતા નંબર સાથેની યાદી + ઠરાવ +પશુની સંખ્યા) |
| ૧૫ | દાતરડા પ્લાસ્ટીકનો હાથો (ધરતી/કિસાન બ્રાન્ડ) | ૩૪.૦૦ | ૫૦% | ૧૭.૦૦ | ૧૭.૦૦ | મંડળીના લેટરપેડ પર માંગણી + વાર્ષિક દૂધ પૂરવઠા સાથે ગ્રાહકોની ખાતા નંબર સાથેની યાદી + ઠરાવ +પશુની સંખ્યા) |
| ૧૬ | સાંકળ (ગાય છાપ) | ૧૫૮.૦૦ | ૫૦% | ૭૯.૦૦ | ૭૯.૦૦ | મંડળીના લેટરપેડ પર માંગણી + વાર્ષિક દૂધ પૂરવઠા સાથે ગ્રાહકોની |
| | | | | | | ખાતા નંબર સાથેની યાદી + ઠરાવ +પશુની સંખ્યા) |

વેચાણ ભાવ ફેરફાર ને આધીન રહેશે.

ઓનરરી ડાયરેક્ટર, દૂરડા

# ગુજરાતના નવા સુકાનીઓને અભિનંદન



**વિજય રૂપાણી : મુખ્યમંત્રી**



**નીતિન પટેલ : નાયબ મુખ્યમંત્રી**

ગુજરાતના વરાયેલા મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા શ્રમ અને રોજગાર મંત્રી દિલીપસિંહ ઠાકોર, પશુપાલન મંત્રી બાબુભાઈ બોખરીયા, રાજયકક્ષાના સ્વતંત્ર સેવાઓ ધરાવતા સહકારમંત્રી ઈશ્વરસિંહ પટેલ, તથા પંચાયત અને પશુપાલન વિભાગના સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈ, જળસંશાધન અને ગ્રામવિકાસના સંસદીય સચિવ ભરતસિંહ ડાભી વગેરેને દૂધસાગર પરિવાર હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે અને ડેરીના વિકાસ માટે સૌના સહકારની અપેક્ષા રાખે છે.



દૂધસાગર ડેરીની દૂરડા સંચાલિત કંકુબા પશુપાલન વિદ્યાપીઠના બોર્ડ ઓફ ગર્વનર્સની મીટીંગમાં ઉપસ્થિત શ્રી પરબતભાઈ પટેલનું સ્વાગત કરતા ડો.પી.એ.પટેલ.




શ્રી અર્બુદાનગર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.બાસણાના નવિન મકાનના ભૂમિપૂજન તથા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત દૂધસાગર ડેરીના ઉપાધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર, ડીરેક્ટર શ્રીમતી સૂરજબેન ચૌધરી, મંડળીના ચેરપર્સન નીતાબેન ચૌધરી, વડનગરના સહકારી આગેવાન રણજીતસિંહ ઠાકોર, દૂધસાગર ડેરીના ડે.મેનેજર (સી.એસ.)શ્રી દિનેશભાઈ ચૌધરી તથા ગ્રામજનો.

Dudhsagar
The Pride of India

**માલિક, મુદ્રક અને પ્રકાશક : મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**
વતી શ્રી પી.આર.પટેલ મેનેજિંગ ડિરેક્ટર (ઈ.ચા.), દૂધસાગર ડેરી, મહેસાણા. ફોન : ૦૨૭૬૨ - ૨૫૩૨૦૧-૫
મુદ્રક સ્થાન : જય પ્રિન્ટર્સ, મહેસાણા. ૯૪૨૬૧ ७૪૭૯૫